# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-12-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) રાજ્યસભામાં બંધારણની વિશેષ ચર્ચામાં કેન્દ્રિય મંત્રી નિર્મલા સિતારમણે ભારતના બંધારણને શ્રેષ્ઠ ગણાવ્યું
2) EVM પર પ્રશ્ન ઉઠાવનાર કૉંગ્રેસની કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ ટિકા કરી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકે સાથે દ્વિપક્ષી મંત્રણા કરી
4) પ્રધાનમંત્રી, સંરક્ષણમંત્રી સહિતના મહાનુભાવોએ આજે વિજય દિવસ નિમિત્તે શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી
5) પ્રસિદ્ધ તબલાવાદક ઝાકિર હુસૈનનું અમેરિકામાં 73 વર્ષની વેય નિધન.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## RS CONSTITUTION

રાજ્યસભામાં આજે બંધારણના 75 વર્ષની ગૌરવ પૂર્ણ ઉજવણીની ચર્ચા શરૂ થઈ છે. આ વિશષ ચર્ચાની શરૂઆત કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે કરી હતી. તેમણે કહ્યું હતું કે ભારતનું બંધારણ વિશ્વમાં શ્રેષ્ઠ બંધારણ છે. રાજ્યસભામાં પ્રશ્નકાળ સ્થગિત કરીને બંધારણ પર વિશેષ ચર્ચા શરૂ થઇ હતી.

ચર્ચાની શરૂઆત કરતા, સુશ્રી સીતારમણે બંધારણ સભાના સભ્યોને શ્રદ્ધાંજલિ આપી અને સભાનાં 15 મહિલા સભ્યોને વિશેષ યાદ કર્યાં હતાં. રાજ્યસભામાં ચર્ચા અગાઉ નવા ચૂંટાયેલા સભ્યો મસ્તાન રાવ યાદવ બીધા અને ટીડીપીનાં સના સતીશ બાબુ તેમજ રાયગા ક્રિષ્નૈયા, રેખા શર્મા અને ભાજપના સુજીત કુમાર અને  તૃણમુલ કોંગ્રેસના સાંસદ રિતબ્રત બેનર્જીએ શપથગ્રહણ કર્યા હતા.

## RS MSME

કેન્દ્ર સરકારે જણાવ્યું કે, ઉદ્યમ પોર્ટલ પર 5 કરોડ 50 લાખથી વધુ સુક્ષ્મ, લઘુ મધ્યમ ઉદ્યોગ- MSMEની નોંધણી થઈ છે. આ પોર્ટલ એક ઑનલાઈન પ્રણાલિ છે, જેમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો જાતે નોંધણી કરાવી શકે છે.

લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે, ‘ભારતીય અર્થતંત્ર હાલમાં ઔપચારિક અર્થતંત્ર બનવાની દિશામાં આગળ વધી રહી છે.’ તેમણે જણાવ્યું કે, ગત ત્રણ વર્ષમાં ઈ-શ્રમ પોર્ટલ પર 30 કરોડ 46 લાખ કર્મચારીની નોંધણી થઈ છે. આ પહેલા વર્ષ 2014-15માં માત્ર 15 કરોડ 80 હજાર કર્મચારીઓ નોંધાયા હતા.

## JOSHI EVM

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીન- EVM પર પ્રશ્ન ઉઠાવવા બદલ કૉંગ્રેસની ટિકા કરી છે. સંસદ ભવનની બહાર માધ્યમો સાથેવાત કરતા શ્રી જોષીએ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઑમર અબ્દુલ્લા દ્વારા EVM અંગે કૉંગ્રેસના વલણની ટિકાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, ‘કેટલાક વિપક્ષીદળ પણ મુખ્ય વિપક્ષી દળ પર આંગળી ઉઠાવી રહ્યા છે.’  તેમણે કહ્યું, કૉંગ્રેસ પક્ષને પોતાની ભૂલ સમજવાની જરૂર છે.

**(બાઈટઃ પ્રહલાદ જોષી, કેન્દ્રીય મંત્રી)**

આ પહેલા શ્રી અબ્દુલ્લાએ કહ્યું હતું કે, 'જ્યારે કોઈ પક્ષને એ જ EVM મશીનના ઉપયોગથી લોકસભામાં નવ બેઠક મળતી હોય, તો તે જીતની ઉજવણી કરે છે, પરંતુ કેટલાક પરિણામ અપેક્ષા વિરુદ્ધ આવે તો તે જ પક્ષ EVMની ટિકા કઈ રીતે કરી શકે.'

# VP-DEFENCE ESTATES LECTURE

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે આત્મનિર્ભરતા અને લશ્કરી તત્પરતાને ધ્યાનમાં રાખીને દેશની સંરક્ષણ સંપત્તિને સમૃદ્ધ બનાવવી જોઈએ. શ્રી ધનખડે નવી દિલ્હીમાં 7મા સંરક્ષણ સંપદા દિવસ નિમિત્તે કહ્યું છે કે જમીનનો મહત્તમ યોગ્ય ઉપયોગ થવો જોઈએ. તેમણે કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતના સંકલ્પ માટે જમીનનું સચોટ સંચાલન જરૂરી છે.

# PREZ SRILANKA INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત પ્રવાસે આવેલા શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકે સાથે નવી દિલ્હીમાં દ્વિપક્ષી સંવાદ કર્યો હતો. બંને નેતાઓએ બંને દેશના સહયોગમાં થયેલા વિકાસની સમીક્ષા કરી હતી. ઉપરાંત દ્વિપક્ષી સહયોગ વધારવા પણ ચર્ચા કરવામાં આવી. આજે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી દિસાનાયકેનું ઔપચારિક સ્વાગત કરાયું હતું.

શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ ત્રણ દિવસના ભારત પ્રવાસ માટે ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેઓ આજે સાંજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરશે. શ્રી દિસાનાયકે બિહારના બોધગયા પણ જશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપ્રમુખ પદ સંભાળ્યા બાદ શ્રી દિસાનાયકેનો આ પહેલો ભારત પ્રવાસ છે. તેમણે ભારત અને શ્રીલંકા વચ્ચે રોકાણ અને વેપારી સંબંધોને વધારવા માટે દિલ્હીમાં એક ઔદ્યોગિક કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# BJP CONG NEHRU LETTER

ભારતીય જનતા પાર્ટીએ આજે એક માધ્યમ અહેવાલ બાદ કૉંગ્રેસ પર કટાક્ષ કર્યો કે,પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ વર્ષ 2008માં પ્રધાનમંત્રી સંગ્રહાલય અને ગ્રંથાલયમાંથી દેશના પહેલા પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ દ્વારા અપાયેલા દસ્તાવેજ પરત લઈ લીધા હતા.

પ્રધાનમંત્રી સંગ્રહાલય અને ગ્રંથાલય સંસ્થાના સભ્ય તથા ઈતિહાસકાર રિઝવાન કાદરીએ હાલમાં તે દસ્તાવેજોને પરત કરવા કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીને પત્ર લખ્યો છે. સંસદની બહાર માધ્યમો સાથે વાતકરતા ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું, જવાહરલાલ નેહરુ દ્વારા એડવિના માઉન્ટબેટન, જયપ્રકાશ નારાયણ અને અન્ય મહાનુભાવોને લખવામાં આવેલા પત્રોના 51 ડબ્બા સોનિયાગાંધીએ પરત લઈ લીધા હતા.

દરમિયાન કૉંગ્રેસને ભાજપ પર પ્રતિઆક્ષેપ કરતા કહ્યું, સત્તા પક્ષ એક મુખ્ય ઉદ્યોગ સમૂહ દ્વારા કથિત લાંચ લેવાના આરોપો સાથે સંબંધિત મુદ્દાઓથી ધ્યાન અન્ય મુદ્દે દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

# PM-VIJAY DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજય દિવસના અવસર પર કહ્યું કે આ દિવસે વર્ષ 1971માં ભારતની ઐતિહાસિક જીતમાં યોગદાન આપનારા બહાદુર સૈનિકોની હિંમત અને બલિદાનનું દેશ સન્માન કરે છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રીમોદીએ કહ્યું કે સૈનિકોના નિઃસ્વાર્થ સમર્પણ અને અતૂટ સંકલ્પે દેશનું રક્ષણ કર્યું અને ગૌરવ અપાવ્યું. સૈનિકોનું બલિદાન આવનારી પેઢીઓને હંમેશા પ્રેરણા આપશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિજય દિવસના અવસર પર ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને બલિદાનને નમન કર્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે કહ્યું કે દેશ તેમના બલિદાન અને સેવાને ક્યારેય નહીં ભૂલે. તેમણે કહ્યું કે દળોની અતૂટ હિંમત અને દેશભક્તિએ દેશ સલામત રહે તે સુનિશ્ચિત કર્યું છે.

## BANGLADESH ELECTION

બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા ડૉ. મોહમ્મદ યુનુસે આજે વિજય દિવસ નિમિત્તે રાષ્ટ્રને સંબોધિત કરતા કહ્યું કે, ‘જરૂરી સુધારા કર્યા બાદ આગામી સામાન્ય ચૂંટણી 2025ના અંતથી વર્ષ 2026ના પહેલા છ મહિનામાં યોજાઈ શકે છે.’ ડૉ. યુનુસે કહ્યું કે, ચૂંટણીની સમયમર્યાદા ચૂંટણી સુધારણા પંચ અને બંધારણ સુધારણા પંચની ભલામણો પર આધારિત છે. તેઓ હાલમાં મૂલ્યાંકન કરી રહ્યા છે.

દરમિયાન બાંગ્લાદેશની બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી- BNP ગત ત્રણ મહિનાથી ડૉ. યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકાર પર સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેરા કરવા દબાણ કરી રહી છે. પક્ષના કાર્યવાહક અધ્યક્ષ તારિક રહેમાને કહ્યું કે, ‘વચગાળાની સરકારે દેશમાં સુધારો લાવવા માટે હજી કેટલા મહિનાનો સમય લાગશે તે જણાવવું જોઈએ.’

## ZAKIR HUSSAIN

મહાન તબલાવાદક ઝાકિર હુસૈનનું ગઈકાલે રાત્રે અમેરિકામાં 73 વર્ષની વયે અવસાન થયું છે. પરિવારજનોના સૂત્રોના જણાવ્યા મુજબ, તેઓ મધુપ્રમેહ સંબંધિત સમસ્યાથી પીડાતા હતા. આ પહેલા તેમને હૃદય સંબંધિત સમસ્યાઓના કારણે સેન ફ્રાન્સિસ્કોની એક હૉસ્પિટલમાં પણ દાખલ કરાયા હતા.

ઉસ્તાદ ઝાકિર હુસૈન પ્રખ્યાત તબલાવાદક અલ્લા રક્ખાના સૌથી મોટા પુત્ર હતા. તેમનો જન્મ નવ માર્ચ 1951ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ ઘણી નાની વયથી જ સંગીત તરફ આકર્ષિત થઈ ગયા હતા. છ દાયકાની કારકિર્દીમાં તેમણે વૈશ્વિક સ્તરે પાંચ ગ્રેમી પુરસ્કાર જીત્યા હતા, જેમાંથી ત્રણ તો આ વર્ષની શરૂઆતમાં 66મા ગ્રેમી પુરસ્કારમાં જીત્યા હતા. તેમણે “સાજ”, “હિટ એન્ડ ડસ્ટ” સહિત અનેક ફિલ્મોમાં અભિનય કર્યો હતો. તેમની તાજેતરની ફિલ્મ “મન્કી મૅન” આ વર્ષે જ રિલીઝ થઈ હતી.

ઝાકિર હુસૈને અનેક પ્રસિદ્ધ ભારતીય અને આંતર-રાષ્ટ્રીય કલાકારો સાથે કામ કર્યું હતું. ગિટારવાદક જૉન મૅકલૉઘલિન, વાયૉલિન વાદક એલ. શંકર અને તાલવાદક ટી. એચ. “વિક્કૂ” વિનાયક રામ સાથે જુગલબંધી તેમની અભૂતપૂર્વ સિદ્ધિ હતી. આ જુગલબંધીએ પહેલા ક્યારેય ન સાંભળ્યું હોય તેવા વિશેષ સંગીતનું નિર્માણ કર્યું હતું. ઝાકિર હુસૈનને વર્ષ 1988માં દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનમાંથી એક પદ્મશ્રી, વર્ષ 2002માં પદ્મ ભૂષણ અને વર્ષ 2023માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરાયા હતા.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતના મહાનુભાવોએ શ્રી હુસૈનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

## AUS INDIA TEST

ઓસ્ટ્રેલિયામાં બ્રિસ્બનના ગાબા ખાતે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ક્રિકેટ ટેસ્ટની આજે ત્રીજા દિવસની રમત વરસાદના કારણે અટકાવી દેવાઈ હતી. આ

પહેલાં ભારતે ચાર વિકેટે 48 રન બનાવ્યા હતા. અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમ પહેલી ઇનિંગમાં 445 રન બનાવીને ઓલઆઉટ થઇ ગઇ હતી.. ભારત તરફથી જસપ્રિત બૂમરાહે છ વિકેટ ઝડપી હતી.

## CHHATTISGARH-ROAD ACCIDENT

છત્તીસગઢના બાલોદ જિલ્લામાં આજે એક માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. જ્યારે સાત લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. ભાનુપ્રતાપ પુર-દલ્લી રાજહરા રોડ પર ચૌરાપાવડ ગામ પાસે ટ્રકે કારને ટક્કર મારતાં આ અકસ્માત સર્જાયો હતો. કારમાં 13 લોકો સવાર હતા.